# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-03-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

-------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# FARMERS SMART PHONE

રાજ્યના ખેડૂતોને સ્માર્ટ ફોનની ખરીદી પર સહાય આપવાની પહેલ કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે. ગુજરાત વિધાનસભામાં આ અંગે માહિતી આપતા કૃષિમંત્રી રાઘવજી પટેલે કહ્યું , ગત બે વર્ષમાં ખેડા જિલ્લાના બે હજાર 246 ખેડૂત લાભાર્થીઓને સ્માર્ટફોન સહાય યોજના અંતર્ગત એક કરોડ રૂપિયાથી વધુની સહાય આપવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, ખેડૂતો હવામાન અને વરસાદની આગાહી , સંભવિત રોગ-જીવાત ઉપદ્રવ અને તેના નિયંત્રણ માટેની માહિતી , પ્રકાશનો , નવીનતમ ખેતપદ્ધતિ તેમ જ સરકારની ખેતીલક્ષી યોજનાઓની માહિતી ફોનના માધ્યમથી સરળતાથી મેળવી શકે તે હેતુથી આ યોજના અમલમાં આવી છે.

. . . . . . . . . . . . .

# FRC GUIDELINES

રાજ્યની ખાનગી શાળાઓમાં ફી નિયમન સમિતિ- F.R.Cની માર્ગદર્શિકા મુજબ ફી નિર્ધારિત કરવામાં આવી છે અને તે મુજબ ફી લેવામાં આવે છે. ગુજરાત વિધાનસભામાં એક પ્રશ્નનો જવાબ આપતા શિક્ષણ મંત્રી ડૉ. કુબેર ડિંડોરે આ અંગે માહિતી આપતા જણાવ્યું, સ્વનિર્ભર શાળાઓ ફી નક્કી કરે છે ત્યારે તેને સૌપ્રથમ F.R.C. સમક્ષ રજૂ કરાય છે , જ્યાં યોગ્ય ચકાસણી બાદ તેને ફેરફાર સાથે મંજૂર અથવા નામંજૂર કરાય છે.

આ ઉપરાંત રાજ્યના ચાર ઝૉન એટલે કે , અમદાવાદમાં આઠ, વડોદરામાં સાત, રાજકોટમાં 11 અને સુરતમાં સાત જિલ્લાને સમાવતી F.R.C.ની રચના કરવામાં આવી હોવાનું પણ શ્રી ડિંડોરે ઉમેર્યું હતું.

. . . . . . . . . . . . .

# KHEDA TANKER ACCIDENT

અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર ટેન્કરના ધુમાળાથી અસરગ્રસ્ત ગામોના લોકોને માસ્ક પહેરી ઘરની બહાર નીકળવા મહુધાના ધારાસભ્ય સંજય મહિડાએ અપીલ કરી છે.

(બાઇટ: સંજય મહિડા, ધારાસભ્ય, મહુધા)

ઉલ્લેખનીય છે કે ગઈકાલે અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર પલટી ગયેલા ટેન્કરના ધૂમાળાથી મહિલાઓને શ્વાસ લેવામાં તકલીફ, ઉધરસ અને ઉલટી જેવી સમસ્યાઓ થતા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સારવાર આપવામાં આવી છે.

. . . . . . . . . . . . .

# BHAVNAGAR CHHA GAU YATRA

ભાવનગરના પાલિતાણામાં આજે સવારથી છ  ’ગાઉની પરંપરાગત યાત્રાનો પ્રારંભ થયો છે. આજે સવારે જય તળેટીથી શરૂ થયેલી આ યાત્રા સિદ્ધવડ ખાતે પૂર્ણ થશે. દરમિયાન એક હજાર 500થી વધુ સ્વયંસેવક જય તળેટીથી સિદ્ધવડ સુધી સેવામાં ખડેપગે રહેશે. સાંભળીએ અમારા પ્રતિનિધિનો અહેવાલ.

**(વૉઈસકાસ્ટઃ સુરેશ ત્રિવેદી, પ્રતિનિધિ, ભાવનગર)**

. . . . . . . . . . . . . .

# DWARKA FOOLDOL UTSAV

દેવભૂમિ દ્વારકા જિલ્લાના સુપ્રસિદ્ધ દ્વારકાધીશ મંદિરમાં હોળી રમવા દેશ-વિદેશથી ભક્તો દ્વારિકા નગરી પહોંચી રહ્યા છે. હાલમાં વિદેશથી આવેલા ભક્તો ભગવાનના ભજન, ગીતોના તાલે ઝૂમતા નજરે પડી રહ્યા છે. બીજી તરફ, ગઈકાલે ડાકોર ખાતે ડાકોર ફાગણોત્સવ અંતર્ગત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયા હતા , જેમાં અનેક કલાકારોએ લોકોને મનોરંજન પૂરું પાડ્યું હતું.

. . . . . . . . . . . . .

# MILK DEMAND

પશુપાલન મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું કે દૂધની વધતી માગ અને તેના આર્થિક લાભને કારણે પશુપાલન સ્વતંત્ર વ્યવસાય તરીકે ઉભરી આવ્યો છે. વિધાનસભામાં માહિતી આપતાં તેમણે જણાવ્યું, 12 દૂધાળા પશુના ડેરી ફાર્મ સ્થાપનાની સહાય યોજના હેઠળ વર્ષ 2023-24માં ગીર સોમનાથના 39 પશુપાલકને 42 લાખ રૂપિયાથી વધુની સહાય આપવામાં આવી છે.

. . . . . . . . . . . . .

# ARVALLI GARBAGE

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરના વિવિધ વિસ્તારમાં કચરો એકત્રીત કરતાં કેન્દ્ર ઉપર સફાઈ કરવામાં આવી રહી છે. મોડાસા શહેરમાં જે જગ્યા ઉપર ગંદકી થતી હતી ત્યાં નગરપાલિકા દ્વારા દિવાલ પર ચિત્રકામ કરવામાં આવી રહ્યું આ ઉપરાંત વિવિધ વિસ્તારમાં બાકી કામકાજ પૂર્ણ કરવાની તજવીજ હાથ ધરાઈ હોવાનું પાલિકાના પ્રમુખ નિરજ શેઠે જણાવ્યું હતું.

**બાઈટ : નિરજ શેઠ, પ્રમુખ, મોડાસા નગરપાલિકા**

. . . . . . . . . . . . .

# MEHSANA FAIR

મહેસાણાના કડી ખાતે મહિલા ઉદ્યોગ સાહસિકો માટે પ્રદર્શન અને વેચાણ મેળો યોજાયો, જેમાં ખાણી-પીણી , જ્વેલરી, ડ્રેસ મટીરિયલ તેમ જ હસ્તકલાની સાથેના વિવિધ 41 હાટડી બનાવવામાં આવી હતી. એક હજારથી વધુ લોકોએ આ મેળાની મુલાકાત લીધી હતી.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................